# ગુજરાત ઊર્જા સયુંકત સંકલન સમિતિ

**અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ**
**રજી.નં.: જી ૧૨૪**

**જીઈબી એન્જીનીયર્સ એસોસીએશન**
**રજી.નં.: જી ૬૫૩**

GUJARAT ELECTRICITY BOARD GEBEA ENGINEERS' ASSOCIATION

| ગોરધનભાઈ ઝડફિયા | બિપિન એમ.શાહ | બળદેવ એસ.પટેલ | હરેશ જી.વઘાસીયા |
|---|---|---|---|
| અધ્યક્ષ | કાર્યકારી અધ્યક્ષ | સીની.સેકેટરી જનરલ-એજીવીકેએસ | સેકેટરી જનરલ-જીબીઆ |

૧૬-૧૭, ૧લો માળ, શાશ્વત પ્લાઝા, ૬૬ કે.વી.સબ-સ્ટેશન સામે, ઊંઝા-પાટણ રોડ, ઊંઝા-૩૮૪ ૧૭૦
E –Mail: agvksunjha@gmail.com મો.નં.: ૯૯૨૫૨ ૪૬૦૦૧ અને ૯૯૨૫૨ ૧૦૦૨૬

**ક્રમાંક: એજીવીકેએસ & જીબીઆ/૨૦૨૫/૦૬** **તારીખ: ૧૭.૦૨.૨૦૨૫**

**ટોચ અગ્રિમતા અને ખાસ અગત્યનું**

**પ્રતિ,**
**મેનેજીંગ ડિરેક્ટરશ્રી,**
ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ,
હેડ ઓફિસ,
સરદાર પટેલ વિદ્યુત ભવન,
રેષ-કોર્સ, **વડોદરા-૩૯૦ ૦૦૭.**

**વિષય:-** **જીયુવીએનએલ અને તેની સંલગ્ન તાબાની સબ-સીડરી કંપનીઓના કર્મચારીઓ/અધિકારીશ્રીઓ માટે સોશિયલ વેલફેર સ્કીમને સંલગ્ન માં વ્યાજબી મુદ્દોના અમલીકરણ માટે રજૂઆત.**

સંદર્ભ:- (૧) સંકલન સમિતિનો પત્ર ક્રમાંક: એજીવીકેએસ & જીબીયા/૨૦૨૩/૩૧ તારીખ ૧૯.૦૭.૨૦૨૩.
(૨) સંકલન સમિતિનો પત્ર ક્રમાંક: એજીવીકેએસ & જીબીયા/૨૦૨૩/૩૬ તારીખ ૦૧.૦૮.૨૦૨૩.
(૩) સંકલન સમિતિનો પત્ર ક્રમાંક: એજીવીકેએસ & જીબીયા/૨૦૨૩/૩૯ તારીખ ૦૮.૦૮.૨૦૨૩.
(૪) સંકલન સમિતિનો પત્ર ક્રમાંક: એજીવીકેએસ & જીબીયા/૨૦૨૩/૪૧ તારીખ ૦૮.૦૮.૨૦૨૩.
(૫) સંકલન સમિતિનો પત્ર ક્રમાંક: એજીવીકેએસ & જીબીયા/૨૦૨૪/૩૧ તારીખ ૧૪.૦૬.૨૦૨૪.

માન સાહેબશ્રી/મેડમશ્રી,

ઉપરોક્ત વિષય અને સંદર્ભના અનુસંધાને જણાવવાનું કે સોશિયલ વેલફેર સ્કીમમાં નીચેના વ્યાજબી મુદ્દોને સમાવીને જીયુવીએનએલ અને તેની સંલગ્ન તાબાની સબ-સીડરી કંપનીઓના કર્મચારીઓ/અધિકારીશ્રીઓને સમાવી લાભ આપવા નમ્ર વિનંતી છે.

જ્યારે કોઈ પણ કર્મચારી મેડિકલ બિલ મૂકે છે ત્યારે હાલના નીતિ-નિયમો પ્રમાણે બિલમાથી અમુક રકમ કાપી નાખવામાં આવે છે. સદર ડિસ-એલાવડ (Dis-allowed) એમાઉન્ટ માટે હાલ સોશિયલ વેલફેર સ્કીમ હેઠળ કર્મચારીઓ/ અધિકારીશ્રીઓ અરજી કરીને મેડિકલ બિલમાં કાપેલી રકમ થોડી ઘણી પાછી મેળવતા હોય હવે સદર સ્કીમમાં સુધારો-વધારો કરી નીચે મુજબ લાભ આપવા વિનંતી છે:

(૧) કર્મચારીઓ/અધિકારીશ્રીઓ દ્વારા મૂકેલ મેડિકલ બિલમાં પ્રોસીજરની રકમ ડિસ-એલાવડ (Dis-allowed) એમાઉન્ટ તરીકે કાપી નાખવામાં આવે છે. કોઈ પણ રોગ માટે રોગની જડમાં જવા માટે અથવા રોગની સારવારના ભાગ રૂપે હોસ્પિટલમાં પ્રોસીજર કરવામાં આવે છે. તે પણ રોગની ટ્રીટમેન્ટનો ભાગ હોવાથી સોશિયલ વેલફેર સ્કીમમાં તે પૂરેપુરી રકમ મંજૂર કરવા વિનંતી છે.

(૨) છેલ્લા કેટલાક વર્ષોથી મેડિકલ ટ્રીટમેન્ટ ખુબ જ મોંઘી થયેલ છે. કર્મચારીઓ/અધિકારીશ્રીઓ દ્વારા મૂકેલ મેડિકલ બિલમાં રકમ ડિસ-એલાવડ (Dis-allowed) એમાઉન્ટની મહત્તમ નાણાકીય મર્યાદા હાલ માં ૫,૦૦૦/- રૂપિયા છે તે વધારીને રૂપિયા ૫૦,૦૦૦/- કરવા વિનંતી છે.

(૩) કેન્સર, હાર્ટ તથા અન્ય ખુબજ ગંભીર પ્રકારની બીમારીઓમાં કર્મચારીઓ/અધિકારીશ્રીઓ જ્યારે મેડિકલ બિલ મૂકે છે ત્યારે જે રકમ કાપી લેવામાં આવે છે તેની હાલના નીતિ નિયમો પ્રમાણે સોશિયલ વેલફેર સ્કીમમાં મહત્તમ નાણાકીય મર્યાદા રૂપિયા ૪૦,૦૦૦/- છે તેને વધારીને રૂપિયા ૧,૦૦,૦૦૦/- (૧ લાખ) કરી આપવા વિનંતી છે.

(૪) જીયુવીએનએલ અને તેની સંલગ્ન તાબી સબ-સીડરી કંપનીઓમાથી કર્મચારીઓ/અધિકારીશ્રીઓ જ્યારે નિવૃત થાય છે ત્યારે કર્મચારી અને તેમના સ્પાઉસને જે જગ્યાએથી નિવૃત થાય છે ત્યાં કંપનીની ડિસ્પેન્સરી છે ત્યાં કન્સલ્ટેશન અને દવાઓની સુવિધા આપવા વિનંતી છે. જ્યાં કંપનીની ડિસ્પેન્સરી નથી અને જ્યાં ટ્રસ્ટ દ્વારા ચાલતી હોસ્પિટલમાં ટાઈઅપ કરીને નિવૃત કર્મચારીઓને નિ:શુલ્ક કન્સલ્ટેશન અને દવા માટેની સુવિધા ઊભી

કરવા વિનતિ છે. સદર જે ખર્ચો થાય તે જે તે કંપનીને ઇન્કમ ટેક્સ રાહત મળવાને પાત્ર હોવાથી કર્મચારીઓ /અધિકારીશ્રીઓને તથા કંપની બંનેને ફાયદો થશે.

(૫) જીયુવીએનએલ અને તેની સંલગ્ન તાબી સબ-સીડરી કંપનીઓમા ઇધુત સહાયક કેડરમાં ફરજ બજાવતા કર્મચારીઓ/અધિકારીશ્રીઓ જેઓના ફરજની કંપનીની કંપનીની ડિસ્પેન્સરી છે ત્યાં બીમારી દરમ્યાન કન્સલ્ટેશન અને દવાઓની તથા એડમિટ કર્યા બાદની પ્રાથમિક સારવારની સુવિધા ફ્રી આપવામાં આવતી હતી જે હાલમાં આપવામાં આવતી ન હોય સદર સુવિધા ફરી ચાલુ કરી લાભ આપવા વિનંતી છે.

(૬) જીયુવીએનએલ અને તેની સંલગ્ન તાબી સબ-સીડરી કંપનીઓમા ફરજ બજાવતા કર્મચારીઓ/અધિકારીશ્રીઓના અલગ-અલગ વિષય બાબતોમાં ઉત્તીર્ણ થનાર બાળકોને સ્ટાફ વેલ્ફેર સ્કીમ હેઠળ તા.: ૧૫ ઓગસ્ટ અને ૨૬, જાન્યુઆરી ના રોજ કંપનીના વડા દ્વારા અમુક ચોક્કસ રકમનું ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવે છે જે પ્રોત્સાહન ઈનામ રૂપે આપવામાં આવતી રકમમાં વધારો કરવા વિનંતી છે.

(૭) જીયુવીએનએલ અને તેની સંલગ્ન તાબી સબ-સીડરી કંપનીઓમા ફરજ બજાવતા કર્મચારીઓ/અધિકારીશ્રીઓના બાળકો માટે ચૂકવવામાં આવતી ઉચ્ચ શિક્ષણ ફી, કોસતેલ ફી, પ્રાઈવેટ રૂમ ફી તથા ટ્યુશન ફી સબબ અમુક ચોક્કસ રકમ સ્ટાફ વેલ્ફેર સ્કીમ હેઠળ ચૂકવવામાં આવે છે જે રકમમાં વધારો કરવા વિનંતી છે.

ઉપરોક્ત બાબત આપ સાહેબશ્રી/મેડમશ્રીની જાણ અને કાર્યવાહી કરી સંકલન સમિતિને જાણ કરવા સારૂ.

આભાર સહ!!!

આપના સ્નેહાધીન,

**(બળદેવ.એસ.પટેલ)**
**સીનીયર સેક્રેટરી જનરલ**
**અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ, ઊંઝા**

**(એચ.જી.વઘાસીયા)**
**સેક્રેટરી જનરલ**
**જીઇબી એન્જીનીયર્સ એસોસીએશન, જુનાગઢ**

**<u>નકલ સવિનય રવાના પ્રતિ:</u>**

અધિક મુખ્ય સચિવશ્રી, ઇપીડી, બ્લોક-૫, પમો માળ, સચિવાલય, ગાંધીનગર.
ડાયરેક્ટરશ્રી (એડમીન.), જીયુવીએનએલ, હેડ ઓફિસ, વડોદરા.
ડાયરેક્ટરશ્રી (ફાય.), જીયુવીએનએલ, હેડ ઓફિસ, વડોદરા.
જનરલ મેનેજરશ્રી (એચ.આર.), જીયુવીએનએલ, હેડ ઓફિસ, વડોદરા.
જનરલ મેનેજરશ્રી (ફાય.), જીયુવીએનએલ, હેડ ઓફિસ, વડોદરા.

**<u>નકલ રવાના:-</u>**

પ્રતિ, અધ્યક્ષશ્રી અને કાર્યકારી અધ્યક્ષશ્રી, ગુજરાત ઊર્જા સંયુક્ત સંકલન સમિતિ, અમદાવાદ/રાજકોટ.
પ્રતિ, પ્રમુખશ્રી, અગુવિકાસંઘ અને જીબીઆ, અમદાવાદ.
પ્રતિ, સીનીયર કાર્યકારી પ્રમુખશ્રી અને કાર્યકારી પ્રમુખશ્રી, અગુવિકાસંઘ, અંજાર/સાવલી.
પ્રતિ, સુપર પાવર વર્કિંગ કમિટી-અગુવિકાસંઘ & કોર કમિટી-જીબીઆના હોદ્દેદારો.